### ભરૂચ જિ.પં.નું ઐતિહાસિક 1322 કરોડનું બજેટ મંજૂર

## નર્મદાની પરિક્રમાની સુવિધા વધારી કિનારાનાં ગામોનો વિકાસ કરાશે

**18 ટકાના વધારા સાથે મંજૂર થયેલા બજેટમાં સર્વાંગી વિકાસનો રોડમેપ રજૂ કરાયો**



ભરૂચઃ ભરૂચ જિલ્લા પંચાયતની બજેટલક્ષી આ ટર્મની અંતિમ સામાન્ય સભા પ્રમુખ મહેન્દ્રસિંહ વાંસદીયાની અધ્યક્ષતામાં મળી હતી, જેમાં વર્ષ 2026-27 માટે 18 ટકાના માતબર વધારા સાથે 1322.82 કરોડનું ઐતિહાસિક અને વિકાસલક્ષી બજેટ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યું હતું. બજેટ રજૂ કરતાં જિલ્લા પંચાયત પ્રમુખે તેને માત્ર આંકડાઓનો દસ્તાવેજ નહીં, પરંતુ ભરૂચના સર્વાંગી વિકાસનો રોડમેપ ગણાવ્યો હતો. આર્થિક આત્મનિર્ભરતા વધારવાના ભાગરૂપે પંચાયતના સ્વભંડોળમાં 40 ટકાનો નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે, જે ગત વર્ષના 87.45 કરોડની સામે આ વર્ષે 127.48 કરોડ સુધી પહોંચ્યો છે. આ સભામાં 10 જેટલા વિવિધ મુદ્દા પર ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

બજેટની વિશેષતાઓ અને વિકાસ કાર્યોની જોગવાઈઓ પર નજર કરીએ તો, નર્મદા કિનારાનાં ગામોના વિકાસ, પરિક્રમાવાસીઓ માટેની સુવિધા, પર્યટન અને નદીની સ્વચ્છતા માટે લોકલ ફંડ શેષમાંથી 9 કરોડ ખાસ ફાળવવામાં આવ્યા છે. આરોગ્ય ક્ષેત્રે મહત્ત્વનો નિર્ણય લેતાં તમામ સામૂહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો પર મફત નિદાન માટે ઓટોમેટિક ટેસ્ટિંગ મશીનો મૂકવાની જાહેરાત કરાઈ છે. ખેડૂતો સસ્તા દરે દવાનો છંટકાવ કરી શકે તે માટે દરેક તાલુકા દીઠ 1 ડ્રોનની ફાળવણી કરવામાં આવશે. અન્ય જોગવાઈઓમાં પંચાયત અને વિકાસ કાર્યો માટે 17.80 કરોડ, જાહેર બાંધકામ હેઠળ મિલકતો પર કોમર્શિયલ કોમ્પ્લેક્સ ઊભા કરવા 52.74 કરોડ, શિક્ષણ માટે 4.10 કરોડ અને આઈ.સી.ડી.એસ. માટે 1 કરોડની ફાળવણી કરવામાં આવી છે. સભાના અંતમાં તમામ સભ્યો ભાવુક જોવા મળ્યા હતા. તેઓએ પ્રમુખ, અધિકારીઓના સહકાર બદલ આભાર વ્યક્ત કર્યો હતો. આગામી ટર્મમાં પણ આવો જ સહકાર મળતો રહેશે તેવી આશા સાથે જિલ્લા પંચાયતમાં ભાજપનો ભગવો ફરી લહેરાશે તેવો વિશ્વાસ પણ વ્યક્ત કરાયો હતો. સામાન્ય સભામાં વિવિધ સમિતિના ચેરમેન, સભ્યો તેમજ જિલ્લા વિકાસ અધિકારી સહિત અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



### ભરૂચમાં ઝડપાયેલા નકલી પોલીસ સાથે ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કરાવાયું

ભરૂચઃ ભરૂચ એ ડિવિઝન પોલીસે ફાયનાન્સ કંપનીના વાહનોની રિકવરીના બહાને ગુંડાગીરી કરનાર યોગેશ બેલેરાવ અને સંજુ વસાવાની ધરપકડ કરી છે. આ શખ્સો નકલી પોલીસ બની વાહનચાલકોને ધમકાવતા હતા. તેમની ધમકીથી લાગેલા માનસિક આઘાતના કારણે ઉર્વીશ મોદી નામના વ્યક્તિનું હૃદયરોગના હુમલાથી મોત નીપજ્યું હતું. પોલીસે બંને આરોપીઓને ઘટના સ્થળે ખુલ્લા પગે ફેરવી સમગ્ર ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કરાવ્યું હતું. અન્ય એક પીડિત યુવાનની ફરિયાદ બાદ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસના આ કડક વલણથી રિકવરી એજન્ટોમાં ફફડાટ ફેલાયો છે.

## તાપીમાં છાત્રાલયના વિદ્યાર્થીઓની નિભાવ ગ્રાન્ટ રૂ.1500 કરાઈ

**તાપી જિલ્લા પંચાયતમાં રૂ.581.44 કરોડનું પુરાંતવાળું અંદાજપત્ર રજૂ કરાયું**



### ખેતીવાડી, પશુપાલન અને સિંચાઈ ક્ષેત્રે 43.05 લાખની જોગવાઈ

ખેતીવાડી, પશુપાલન અને સિંચાઈ ક્ષેત્રે 43.05 લાખ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે, જેમાં ખેતીવાડી ક્ષેત્રે જિલ્લા પંચાયત સંચાલિત સીડ ફાર્મનાં સાધનોની ખરીદી તેમજ અન્ય સુવિધાના ખર્ચ અને આધુનિક ખેતીની સુવિધા માટે 41 લાખના ખર્ચની જોગવાઈ કરવામાં આવી છે. આ ઉપરાંત જિલ્લામાં વિકાસનાં કામો માટે 125.00 લાખની જોગવાઈ સાથે જિલ્લા પંચાયત સભ્યો માટે કૃષિવિષયક તેમજ અન્ય બાબતોના અભ્યાસ અર્થે પ્રેરણા પ્રવાસ હેતુ રૂ.15 લાખની જોગવાઈ કરવામાં આવી હતી.

તાપીઃ રાજ્યમાં આગામી 15મી માર્ચ-2026ના રોજ તાલુકા-જિલ્લા પંચાયત સહિત નગર પાલિકા અને મહાનગર પાલિકાની ટર્મ પૂરી થઈ રહી છે. જેની સાથે તાપી જિલ્લા પંચાયતની પણ ટર્મ પૂરી થવાની છે, ત્યારે ગતરોજ તાપી જિલ્લા પંચાયતની છેલ્લી સામાન્ય સભામાં જિલ્લાનું અઢારમું અંદાજપત્ર તાપી જિલ્લા પંચાયત પ્રમુખ દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું.

તાપી જિલ્લા પંચાયત પ્રમુખ જાલમસિંહ વસાવા અને જિલ્લા વિકાસ અધિકારી રામનિવાસ બુગાલિયા સહિત જિલ્લા પંચાયતના સદસ્યો અને જિલ્લા પંચાયતના જે-તે વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓની ઉપસ્થિતિમાં યોજાયેલી સામાન્ય સભામાં 2026-27 નાણાકીય વર્ષ માટે કુલ રૂ.1661.69 આયોજન સાથે તાપી જિલ્લા માટે રૂ.1080.23 કરોડના અંદાજિત ખર્ચ સાથે રૂ.581.44 કરોડનું પુરાંતવાળું અંદાજપત્ર રજૂ કરવામાં આવ્યું હતું.

તાપી જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં વર્ષ 2025-26ના સુધારેલ અને વર્ષ 2026-27ના અંદાજ પત્ર મુજબ જિલ્લા પંચાયત પાસે કુલ રૂપિયા 560,95,20,284ની ઉઘડતી સિલક સહિત આવક રૂપિયા 1100,72,75000 મળી જિલ્લા પંચાયતનું રૂપિયા 1661,67,95,284 (1661.67 કરોડ)નું કુલ અંદાજપત્ર રજૂ કરવામાં આવ્યું હતું. ત્યારે તાપી જિલ્લા પંચાયત દ્વારા 1080.23 કરોડના અંદાજિત ખર્ચ સાથે 581,44,31,884 રૂપિયાનું પુરાંતવાળુ બજેટ રજૂ કરવામાં આવ્યું હતું.

તાપી જિલ્લા પંચાયતના સ્વભંડોળની વાત કરીએ તો જિલ્લા પંચાયત પાસે ઉઘડતી સિલકમાં રૂ.3,14,48,968 સહિત રૂ.4,46,32,000ની આવક સહિત કુલ આવક રૂ.7,60,80,968 સામે 6,89,25,400 રૂપિયાનો ખર્ચ આંકવામાં આવ્યો છે. જેમાંથી બંધ સિલક રૂપિયા 71,75,568 દર્શાવવામાં આવી છે.સ્વભંડોળની વિવિધ જોગવાઈઓ મુજબ તાપી જિલ્લામાં શિક્ષણ અને સહકાર ક્ષેત્રે 68.28 લાખની જોગવાઈ કરવામાં આવી છે, જેમાં જિલ્લા પંચાયત હસ્તકની છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીઓ માટે નિભાવ ગ્રાન્ટમાં 1200 આપવામાં આવતા હતા, તેમાં રૂપિયા 300નો વધારો કરી 1500 રૂપિયા કરવામાં આવ્યો છે. તેમજ વિવિધ સવલતો વધારવા માટે 2026-27 માટે અંદાજિત 51 લાખની જોગવાઈ કરવામાં આવી છે.

## સાયખાની અલ્કેમી ફાઈનકેમની ઘટનામાં વધુ એકનું મોત, મૃતાંક 3 થયો



**વળતરના મુદ્દે મૃતક રાહીલ સૈયદના પરિવાર અને યુવા કોંગ્રેસનો કંપની ગેટ પર હોબાળો**

ભરૂચઃ વાગરાની સાયખા GIDCમાં આવેલી અલ્કેમી ફાઈનકેમ પ્રા.લિ. કંપનીમાં સર્જાયેલી દુર્ઘટનામાં વધુ 1 નિર્દોષ શ્રમિક રાહીલ સૈયદનું કરુણ મૃત્યુ નીપજતાં કુલ મૃતાંક 3 પર પહોંચી ગયો છે. આ દુર્ઘટના બાદ કંપની મેનેજમેન્ટ દ્વારા શ્રમિકોના જીવની કિંમત નજીવી આંકીને અસ્વીકાર્ય વળતર આપવાની કોશિશ કરવામાં આવતાં સ્થાનિકો અને ભરૂચ જિલ્લા યુવા કોંગ્રેસમાં પ્રચંડ રોષ ફાટી નીકળ્યો છે. કંપની મેનેજમેન્ટ કોઈ સંતોષકારક ઉકેલ લાવવા તૈયાર ન હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.

ન્યાય નહીં તો અંતિમસંસ્કાર નહીં તેવા મક્કમ નિર્ધાર સાથે પીડિતોએ કંપનીના દરવાજે ધામા નાંખતા કોઈપણ અનુચિત ઘટનાને ટાળવા વાગરા પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. ભરૂચ જિલ્લા યુવા કોંગ્રેસના ઉપપ્રમુખ ઈમ્તિયાઝ પટેલે સ્પષ્ટ ચીમકી આપી છે કે, જો મૃતક રાહીલ સૈયદના પરિવારને સન્માનજનક વળતર અને ન્યાય નહીં મળે તો આ લડાઈ માત્ર ફેક્ટરીના ગેટ પૂરતી સીમિત નહીં રહે, પરંતુ ન્યાયતંત્રનાં પગથિયાં સુધી લઈ જવામાં આવશે. બેદરકાર માલિકો અને સંચાલકો સામે તાત્કાલિક ફોજદારી ગુનો દાખલ કરી કડક કાયદાકીય કાર્યવાહી કરવાની માંગ ઉગ્ર બની છે. યુવા કોંગ્રેસના આગેવાન પટેલ ઈમ્તિયાઝ દ્વારા ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગમાં કરાયેલી ધારદાર રજૂઆતને પગલે આયોગે ગંભીર નોંધ લીધી છે અને જવાબદાર અધિકારીઓને સમન્સ પાઠવી ખુલાસો માંગ્યો છે.



દીપલ સોની

## સિસોદરામાં નર્મદા નદીમાં ગેરકાયદે રેતીખનન મુદ્દે લોકોનો હલ્લાબોલ

**ખાણ-ખનીજ વિભાગે પાંચ વાહન જપ્ત કર્યાં**

રાજપીપળાઃ રાજપીપળાથી ૧૬ કિમી દૂર આવેલા સિસોદરા ગામ પાસે નર્મદા નદીના પટમાં રાત્રિ દરમિયાન ચાલી રહેલા ગેરકાયદે રેતી ખનન પર ગ્રામજનોએ હલ્લાબોલ કરી તેને અટકાવ્યું હતું.

નર્મદા નદીના પટમાં પોઇચા, નરખડી અને સિસોદરા જેવાં ગામોમાં કાયદેસરની લીઝો આવેલી છે, પરંતુ કેટલાક રેતી માફિયાઓ મંજૂરી વિના ગેરકાયદે ખનન કરી રહ્યા હતા. સિસોદરાના જાગૃત ગ્રામજનોએ સ્થળ પર જઈ વિરોધ પ્રદર્શન કરતા રેતી માફિયાઓમાં ફફડાટ ફેલાયો હતો. આ બાબતે ખાણ-ખનીજ વિભાગને જાણ કરવામાં આવતા ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. અધિકારીઓને જોઈને રેતી માફિયાઓ નાસી છૂટવામાં સફળ રહ્યા હતા, પરંતુ તંત્રએ સ્થળ પરથી બે લોડર, ત્રણ ટ્રેક્ટર અને ત્રણ ચારણા જપ્ત કરી આમલેથા પોલીસ મથકે સોંપ્યા હતા. પ્રાથમિક વિગતો મુજબ આ ગેરકાયદે ખનનમાં નજીકના ઓરી ગામના હાર્દિક નામની વ્યક્તિ તથા અન્ય બે શખ્સની સંડોવણી હોવાનું બહાર આવ્યું છે. હાલ ખાણ-ખનીજ વિભાગે આ સંદર્ભે કાયદેસરની તપાસ અને દંડની પ્રક્રિયા હાથ ધરી છે.



હિતેશ પટેલ

## માંડવીમાં ચૌધરી સમાજનો 19મો સમૂહ લગ્નોત્સવ યોજાયો

માંડવીઃ માંડવી ખાતે દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ચેરિટેબલ ટ્રસ્ટ ફેડરેશન દ્વારા 19મો સમૂહ લગ્નોત્સવ સંપન્ન થયો હતો. દક્ષિણ ગુજરાતના 40 તાલુકામાંથી આવેલાં કુલ 40 યુગલ વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે લગ્નગ્રંથિથી બંધાયા હતા.

આ આયોજનમાં માત્ર ચૌધરી સમાજ જ નહીં, પરંતુ રબારી સમાજ સહિત અન્ય સમાજોના આગેવાનો, દાતાઓ અને સેવાભાવી વ્યક્તિઓએ પણ દાન અને સેવા આપી સામાજિક એકતાનું દૃષ્ટાંત પૂરું પાડ્યું હતું. સુરતની સેવાકીય ટીમ, એકલવ્ય એકેડમીના વિદ્યાર્થીઓ તેમજ તબીબોની ટીમે સ્થળ પર રહી વિવિધ સેવાઓ આપી આયોજનને સફળ બનાવ્યું હતું. સમૂહલગ્નમાં જોડાયેલાં યુગલોમાંથી અનેક પરિવારો સંવેદનશીલ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યા હતા. 11 વરરાજા અને 9 કન્યાએ પિતાની છત્રછાયા ગુમાવી હતી. 4 કન્યાની માતા હયાત નહોતી, જ્યારે 5 વરરાજાનાં માતા-પિતા બંને સ્વર્ગસ્થ હતાં. એક કન્યા સંપૂર્ણ નિરાધાર હતી, જેને સમાજે પોતાના સંતાન સમાન સ્વીકારી લગ્નવિધિ પૂર્ણ કરાવી હતી. અરવિંદભાઈના કોઠારી ગ્રુપ દ્વારા પરંપરાગત રીતિ-રિવાજ મુજબ તમામ લગ્નવિધિઓ સંપન્ન કરાવવામાં આવી હતી. આ પ્રસંગે ચૌધરી સમાજના પ્રમુખ વસંતભાઈ બી. ચૌધરી, મહામંત્રી પ્રભુદાસ બી. ચૌધરી, ઉપપ્રમુખ, સહમંત્રી તેમજ અન્ય આગેવાનો અને મોટી સંખ્યામાં સમાજજનો ઉપસ્થિત રહ્યા હતા.

### નર્મદા જિલ્લામાં રોડ કનેક્ટિવિટી વધુ સુદ્રઢ બનાવવાનો નિર્ણય

ગાંધીનગર, રાજપીપળાઃ રાજ્યના આદિજાતિ વિસ્તાર નર્મદા જિલ્લાના ૧૧ જેટલા ગામોના ૧૮ હજારથી વધુ લોકોને જિલ્લા મુખ્ય મથક અને તાલુકા મથક સાથેની અવરજવરની સરળ કનેક્ટિવીટી માટેનો એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ હેતુસર નર્મદા જિલ્લામાં ૨ નવા પુલના નિર્માણ માટે ૩૦૨.૪૦ કરોડ રૂપિયાનાં કામોની મંજૂરી આપી છે. આ ઉપરાંત નર્મદા જિલ્લાના રેંગણ ઘાટથી રામપુરા ઘાટ ઉપર પુલ માટે ૧૨૩.૧૩ કરોડ અને શહેરાવ ઘાટથી તિલકવાડા ઘાટને જોડતા પૂલ માટે ૧૭૯.૨૭ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. આદિજાતિ ક્ષેત્ર નર્મદા જિલ્લામાં આ બે પૂલના નિર્માણથી ઉત્તર અને દક્ષિણ વિસ્તારના તિલકવાડા, વાસણ, રેંગણ, રામપુરા, માંગરોલ અને શહેરાવ સહિતના ગામોમાં વસતા ગ્રામ જનોને પણ અવરજવર માટે સુગમતા રહેશે. એટલું જ નહીં નાંદોદ અને તિલકવાડા તાલુકામાં દર વર્ષે ચૈત્ર માસ દરમિયાન યોજાતી ઉત્તરવાહિની પરીક્રમામાં આવતા લાખો પરિક્રમાવાસીઓને ભવિષ્યમાં આ બંને પુલોનો લાભ મળવાથી કુલ ૧૭ કિલોમીટરનો ફેરાવો ઘટશે અને સમય તથા ઈંધણની પણ બચત થશે.

## ભરૂચમાં 12 પોસ્ટલ કર્મી સામે 2.81 કરોડની ઉચાપતનો ગુનો

**56 થાપણદારને નકલી પાસબુક પધરાવી તેમની જીવનભરની મૂડી સગેવગે કરી દેવામાં આવી**

ભરૂચઃ અંકલેશ્વર ONGC કોલોની સબ પોસ્ટ ઓફિસના થાપણદારો વિશ્વાસ હતો કે તેમના પૈસા સરકાર સમર્થિત બચત યોજનાઓમાં સંપૂર્ણ સુરક્ષિત છે. જો કે, તેને તપાસતા ખુદ પાસબુક નકલી હતી, એન્ટ્રીઓ બનાવટી હતી. કુલ 56 ખાતામાંથી 2.81 કરોડ રૂપિયા ચૂપચાપ ઉપાડી લેવામાં હોવાની ઘટના હોશ ઊડી ગયા હતા. જેને લઈને હાલમાં CBIએ પોસ્ટ વિભાગના 12 કર્મચારીઓ વિરુદ્ધ છેતરપિંડી ગુનો નોંધવામાં આવ્યો છે.

આ રેકેટમાં સબ-પોસ્ટ માસ્ટર યાસીન ઘાંચીને કથિત માસ્ટરમાઈન્ડ તરીકે નામ બહાર આવ્યું છે. વિભાગીય તપાસ દરમિયાન સૌપ્રથમ આ છેતરપિંડીમાં ફિનેકલ કોર બેંકિંગ સિસ્ટમ અને નકલી ટાઈમ ડિપોઝિટ (TD) પાસબુક સાથે છેડછાડનો સમાવેશ થતો હતો. તા.23મી જાન્યુઆરી સુધીમાં, ઓછામાં ઓછા 56 કપટપૂર્ણ વ્યવહારો ઓળખાઈ ગયા હતા. ભરૂચ વિભાગમાં POSB ખાતાઓનું ફોરેન્સિક ઓડિટ પણ થવાની સંભાવના છે.

ફરિયાદમાં જણાવ્યું હતું કે, ભરૂચ ડિવિઝનમાં પોસ્ટલ આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા યાસીન ઘાંચી 9 ઓગસ્ટ, 2024થી ONGC કોલોની પોસ્ટ ઓફિસમાં સબ પોસ્ટમાસ્ટર તરીકે ફરજ બજાવતા હતા. તેમનું કામ POSB ચેક ક્લિયર કરવાનું, સરકારી ખાતામાં રકમ જમા કરવાનું અને TD પાસબુક જારી કરવાનું હતું. તેના બદલે, તેમણે કથિત રીતે ચેક ઉપાડીને રોકડ તરીકે ખિસ્સામાં લઈ લીધા અને થાપણદારોને નકલી પાસબુક પધરાવી દીધી હતી. પોતાના ફિનેકલ યૂઝર આઈડી અને સુપરવાઈઝર આઈડી બંનેનો ઉપયોગ કરીને, તેણે વ્યવહારો સ્વચ્છ દેખાડવા માટે સિસ્ટમ એન્ટ્રીઓમાં છેડછાડ કરી હતી. પોતાની મોડસ ઓપરેન્ડી છુપાવવા માટે તેણે એજન્ટ કમિશનને એજન્ટોના POSB ખાતામાં રોકડ જમા તરીકે જમા કરાવ્યા હતા, ઉચાપત કરાયેલા પૈસા તેના નિયંત્રણ હેઠળના કર્મચારીઓના ખાતામાં જમા કરવામાં આવ્યા, જેમણે તેને UPI દ્વારા તેના વ્યક્તિગત બેંક ખાતામાં ટ્રાન્સફર કર્યા હતા. બાદ તેને ભરૂચ હેડ પોસ્ટ ઓફિસમાં જોડવામાં આવ્યો અને હાલમાં તે ફરજ પર સૂચક ગેરહાજર રહેતા ભૂગર્ભમાં ઊતરી ગયા હોવાનું જાણવા મળ્યું હતું.

### વાલોડમાં મૃત કૂતરાનો નિકાલ ન થતાં વિરોધ

વાલોડઃ થોડા સમય પહેલા જ વાલોડ પંચાયત દ્વારા મૃત કૂતરાનો નિકાલ કરવા અંગે બિલ પાસ કરાવવા માટે વાઉચરો મૂકવામાં આવ્યા હતા. જે ખર્ચ અંગે પંચાયતના જ કેટલાક સભ્યો દ્વારા આ વાઉચરો ખોટાં હોવાનો વાંધો ઉઠાવવામાં આવ્યો હતો. જેને લઈ પંચાયતમાં ભારે વિવાદ પણ સર્જાયો હતો. ત્યારે છેલ્લા બે દિવસથી વાલોડ ચાર રસ્તા નજીક રોડની બાજુમાં પડેલું કૂતરું ન ઉઠાવાતાં સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

### અંકલેશ્વરની જયાબહેન મોદી હોસ્પિટલમાં

## દર્દીઓની ફી અન્ય QR કોડથી સ્કેન કરાવી ઉચાપતનો આક્ષેપ

**બિલિંગ વિભાગના 3 કર્મચારીની ધરપકડ**

અંકલેશ્વરઃ અંકલેશ્વરની જયાબહેન મોદી હોસ્પિટલમાં બિલિંગ વિભાગના ત્રણ કર્મચારીએ દર્દીઓ પાસેથી લેવાતી ફી પોતાના અંગત QR કોડથી સ્કેન કરાવી રૂ. 13.49 લાખની ઉચાપત આચરી હતી. અંકલેશ્વર જીઆઈડીસી પોલીસે ત્રણે આરોપીને ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી છે.

હોસ્પિટલમાં સારવાર માટે આવતા દર્દીઓ પાસેથી રોકડ, QR કોડ તથા ઓનલાઈન બેન્કિંગ મારફતે ફી લેવામાં આવે છે, જે નિયમિત રીતે હોસ્પિટલના સત્તાવાર બેંક ખાતામાં જમા થવાની હોય છે. પરંતુ બિલિંગ વિભાગમાં ફરજ બજાવતા મહેન્દ્ર અમરસિંહ રાજ, સોબાન સકીલ એહમદ હોટલવાલા અને હારૂન મહમદ મુસ્તકીન અંસારીએ દર્દીઓ પાસેથી લેવાતી રકમ પોતાના તથા પરિવારજનોના બેંક ખાતા સાથે જોડાયેલા QR કોડ દ્વારા સ્વીકારી ગોટાળો આચર્યો હતો. ઓક્ટોબર ૨૦૨૫માં થયેલા વાર્ષિક ઓડિટ દરમિયાન આવક-જાવકના હિસાબમાં ગરબડ સામે આવતા ફોરેન્સિક ઓડિટ હાથ ધરાઈ હતી. તપાસમાં ખૂલ્યું હતું કે ઓગસ્ટ 2024થી એપ્રિલ ૨૦૨૫ દરમિયાન તબક્કાવાર રીતે રકમ પોતાના ખાતામાં વાળવામાં આવી હતી.

હોસ્પિટલ મેનેજર નિનાદ ઝાલાએ પોલીસમાં રૂ. 13.49 લાખની ઉચાપત અંગે સત્તાવાર ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દાખલ કરી ત્રણેની ધરપકડ કરી તપાસ હાથ ધરી છે.

આરોપી મહેન્દ્ર અમરસિંહ રાજના પત્નીએ આ મામલે હોસ્પિટલ સતાધિશો સામે જ આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે તમામ આક્ષેપો જુઠ્ઠા અને બેબુનિયાદ છે. અમારા બેંક ડિટેઈલ ચકાસો. એવા કોઈ રૂપિયા તેમાં આવ્યા નથી. હોસ્પિટલ સત્તાધીશો અન્યોની કરતૂત તેઓ પર ધોળી રહ્યા છે.

### ઝાડેશ્વરમાં કન્ટેનર પાછળ ટેમ્પો ઘૂસી ગયો

ભરૂચઃ ઝાડેશ્વર ચોકડી ઓવરબ્રિજ ઉપર મંગળવારે યાંત્રિક ખામીના કારણે ઉભેલા એક કન્ટેનર પાછળ ટેમ્પો ભટકાયો હતો. આ અકસ્માતમાં ટેમ્પોચાલક તેની કેબિનમાં ફસાઈ ગયો હતો અને બહાર નીકળી શક્યો નહોતો. ઘટનાની જાણ થતાં જ ફાયર વિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. ફાયર કર્મચારીઓએ ભારે જહેમત બાદ ચાલકને સુરક્ષિત રીતે બહાર કાઢ્યો હતો. ચાલકને પગમાં ઈજા પહોંચતાં તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયો હતો.

## નર્મદાની સંકલન બેઠકમાં જનહિતના પ્રશ્નોની ચર્ચા

રાજપીપળા: નર્મદા ખાતે યોજાયેલ 'જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિ'ની બેઠકમાં AAP ધારાસભ્ય ચૈતર વસાવાએ લોકપ્રશ્નોની રજૂઆત કરી હતી.

તેમણે આંગણવાડીના પેન્ડિંગ ફૂડ બિલ, આવાસ યોજનાના બાકી હપ્તા અને SC-ST વિદ્યાર્થીઓની અટકેલી શિષ્યવૃત્તિ સત્વરે ચૂકવવા માંગ કરી હતી. વન વિભાગ દ્વારા અટકાવેલાં બ્રિજનાં કામો બે દિવસમાં શરૂ કરવાની બાંયધરી મેળવી, કુંવરબાઈ મામેરા યોજના, નર્મદા જિલ્લામાં કેટલી જમીન NA કરવામાં આવી, 73AAની કેટલી જમીન NA કરી અને વેચાણ કરવામાં આવી, તેમણે અધૂરાં વિકાસકામો માર્ચ સુધીમાં પૂર્ણ કરવા અને વનીકરણના કામોમાં સ્થાનિકોને રોજગારી આપવા પર ભાર મૂક્યો હતો.

**જાહેર નોટીસ**

હું, તક્ષિતકુમાર હેમંતભાઈ મોદી જાહેર કરું છું કે મારા શૈક્ષણિક દસ્તાવેજોમાં મારું નામ 'મોદી તક્ષિત' અને 'તક્ષિત મોદી' તરીકે નોંધાયેલ છે. આ તમામ નામ એક જ વ્યક્તિના છે. હવેથી હું 'તક્ષિતકુમાર હેમંતભાઈ મોદી' તરીકે ઓળખાઈશ.

-: સરનામું :-
બીબી/૧૫, ગાર્ડન સિટી, અંકલેશ્વર,

**Milano MULTIPLEX**
**બારડોલી**

Lagan Laagii Re-Gujarati
06:00pm,9.30pm

Mardaani 3
10:30am, 12:00pm, 03:00pm,07:00pm, 10:00pm

Border 2
01:00pm, 05:30pm, 09:00pm

Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

**જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી**
નં.જન્મ-મરણ/અપીલ નં.૪૫/૨૦૨૬
તા.૦૯/૦૨/૨૦૨૬

વાદી :- અલ્તાફ અબ્દુલ રેહમાન મુરાદ, રહે.સ્ટેશન ફળિયું, હથોડા, તા.માંગરોળ, જી.સુરત-૩૯૪૪૦૫.
વિરૂધ્ધ
પ્રતિવાદી :- જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી હથોડા ગ્રા.પં., તા.માંગરોળ, જી.સુરત-૩૯૪૪૦૫
વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી અલ્તાફ અબ્દુલ રેહમાન મુરાદ, રહે. સ્ટેશન ફળિયું, હથોડા, તા.માંગરોળ, જી.સુરત-૩૯૪૪૦૫એ તેઓના પોતે અલ્તાફ અબ્દુલ રેહમાન મુરાદનાં જન્મની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: અલ્તાફ અબ્દુલ રેહમાન મુરાદ ૨. જન્મ તારીખ: ૦૧/૦૬/૧૯૬૮ ૩. જન્મનું સ્થળ: મોજે.હથોડા, તા.માંગરોળ, જી.સુરત સબબ, ઉપરોક્ત વિગતે અલ્તાફ અબ્દુલ રેહમાન મુરાદના જન્મની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૦૯/૦૩/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૦૯/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.
કોર્ટનો સિક્કો
હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત

**જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી**
નં.જન્મ-મરણ/અપીલ નં.૪૫૮/૨૦૨૫
તા.૨૩/૦૨/૨૦૨૬

વાદી :- સુરેખાબેન બાબુભાઈ વસાવા, રહે.રોસવાડ, રામદેવ ફળિયું, તા.માંડવી, જી.સુરત-૩૯૪૧૭૦.
વિરૂધ્ધ
પ્રતિવાદી :- જન્મ-મરણ રજિસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી ઉશ્કેર રામકુંડ ગ્રામ પંચાયત, તા.અરેઠ, જી.સુરત
વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે મરણની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી સુરેખાબેન બાબુભાઈ વસાવા, રહે. રોસવાડ, રામદેવ ફળિયું, તા.માંડવી, જી.સુરત-૩૯૪૧૭૦એ તેઓના પરદાદી દુધલીબેન નાનીયાભાઈ રાઠોડનાં મરણની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: દુધલીબેન નાનીયાભાઈ રાઠોડ ૨. મરણ તારીખ: ૨૦/૦૫/૧૯૭૧ ૩. મરણનું સ્થળ: મોજે.રામકુંડ, તા.અરેઠ, જી.સુરત સબબ, ઉપરોક્ત વિગતે દુધલીબેન નાનીયાભાઈ રાઠોડના મરણની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૧૬/૦૩/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૨૩/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.
કોર્ટનો સિક્કો
હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત